Extra No. 5

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, JANUARY 1, 2026 / PAUSHA 11, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૩૪૮/યુડીયુએચડી/એમઆઇએસ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૫/૦૬૭૯/એમ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Municipalities Act, 1963

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક: કેવી/૨૦૨૫નો ૩૪૮/યુડીયુએચડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૬૭૯/એમ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ન ના ખંડ (૨) અને અનુચ્છેદ ૨૪૩ધ ના ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીવી/૨૦૨૫નો ૨૧૫/યુડીયુએચડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૬૭૯/એમ સેક્શન અને ત્યાર પછીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીવી/૨૦૨૫નો ૩૨૩/યુડીયુએચડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૬૭૯/એમ સેક્શન-થી ખંભાળિયા નગરપાલિકાની વિદ્યમાન સ્થાનિક હદોમાં અમુક વિસ્તારોનો સમાવેશ કર્યો છે;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના ખંભાળિયા નગરપાલિકાના વિસ્તારોની વસતીના આંકડા અનુસાર તેમજ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડની સંખ્યા અને કાઉન્સિલરની બેઠકો તેમજ અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૭ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩)થી મળેલી સત્તાની રૂએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ: ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૪નું સરકારી જાહેરનામું ક્રમાંક: કેવી/૨૦૨૪નો ૨૨૦/યુડીયુએચડી/એમડબલ્યુડી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૩૦૫૭/એમ. રદ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) ખંભાળિયા નગરપાલિકાના વિસ્તારો, નવ (૯) વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા છત્રીસ (૩૬) કાઉન્સિલરની બનશે;

(૨) કાઉન્સિલરની છત્રીસ (૩૬) બેઠકોમાંથી-

(૧) બે (૨) બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી એક (૧) બેઠક અનુસૂચિત જાતિઓની સ્ત્રી માટે અનામત રહેશે;

(૨) દસ (૧૦) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી પાંચ (૫) બેઠકો પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૩) અઢાર (૧૮) બેઠકો, સ્ત્રીઓ (ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે અનુસૂચિત જાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામાના કોઈપણ મજકૂરથી, આ જાહેરનામાના આરંભ પહેલા, ખંભાળિયા નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરવામાં આવેલા કોઈ કૃત્યને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનીષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.01.19 09:03:55 IST